શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૪

અંક : ૮


## દુષ્કાળ

આપણું અર્થતંત્ર મહદ અંશે ખેતી આધારીત છે. વરસાદ આધારીત ખેતી એ આપણા દેશની મુખ્ય લાક્ષણિકતા છે.

વરસાદ કદી ધારણા આધારીત પડતો નથી. જો પડે તો એટલો પડે કે વાવેલુ બિયારણ ધોવાઈ જાય અથવા ઉભોપાક સડી જાય.

જો ન પડે તો અનાજ પાણીના પણ વાંધા થઈ પડે.

ખેતી નિષ્ફળ જવામાં અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ જવાબદાર છે. માફકસરનો વરસાદ પાડવો એ મનુષ્યના હાથની વાત નથી.

આપણા વિશાળ દેશની ભૌગોલીક રચના એવી છે કે દેશના બધા જ ભાગમાં હવામાન એક સરખુ હોતુ નથી, કયાંક ખુબ વરસાદ અને નદીઓના પુરથી તારાજી સર્જી રહી હોય તો એ જ વખતે દેશના અન્ય ભાગમાં વરસાદના અભાવે મનુષ્ય અને પશુઓ તરફડી રહયા હોય એવું બનતુ હોય છે. જો મોટા ડેમ બનાવી પાણીને રોકવામાં આવે તો પાણીનો આ સંગ્રહ દુષ્કાળના વખતમાં ઉપયોગમાં લઈ શકાય, એવી સાદી સમજ રહેલી હતી. પણ આ ધારણાં બારમાસી નદીઓ માટે બરાબર છે. બાકી સૌરાષ્ટ્ર જેવા વિસ્તારોમાં તે ધારણા સાચી પડી નથી તે આ વખતે ખબર પડી, વરસાદ જ ન હોય તો ડેમ પણ કયાંથી ભરાય. છેલ્લા દસ વર્ષમાં પુરતા વરસાદના કારણે ભુગર્ભજળનું બેલેન્સ જળવાઈ રહયુ અને ખેડૂતો ત્રણેય સીઝન પાક લેવા લાગ્યા. સ્થળાંતર લગભગ સ્થગિત થયુ ઉલટાનું શહેરોમાં અગાઉ જતા રહેલા યુવાનો ફરી પોતાની ખેતી સંભાળવા લાગ્યા.

ફરી દસ વર્ષ પહેલાનું વિષ ચક્ર શરૂ થાય તેવા એંધાણ દેખાય છે આ વિસ્તારને મોટી નદીઓના નહેર વિસ્તારમાં સમાવવામાં આવે તે એક જ ઉપાય છે. બાકી બધા પ્રયાસો આપણે કરી ચુકયા છીએ છતા આજે મોટાભાગના ગામોમાં પીવાનું પાણી મેળવવા લોકો ભટકી રહયા છે. પશુઓ માટે ચારો નથી ઓગષ્ટ આખરમાં શરૂ થયેલ વરસાદી વાતાવરણ ટકી રહે તો આ બંને પ્રશ્નો હળવા થાય પણ વર્ષ તો ફેઈલ ગયુ છે.

**કામમાં ઈશ્વરનો સાથ માંગો, પરંતુ ઈશ્વર કામ કરી આપે એવું ના માંગો.**

## અસર તાલીમ

પ્રથમ સંસ્થા દ્વારા તારીખ ૨૨ થી ૨૬ ઓગસ્ટ અમદાવાદ (અડાલજ) ખાતે અસર સર્વેની તાલીમ યોજાઈ હતી.

અસરની શરૂઆત માધવચમનજી (ડાયરેકટર), અને રૂક્ષ્મણીબેન (પ્રોગ્રામ ઓફિસર)એ ૨૦૦૫ માં કરી હતી. આ અસર સર્વેનું આઠમું વર્ષ છે. તાલીમની શરૂઆત બે બે ના ગૃપ પાડીને પરીચય આપવાથી કરવામાં આવી હતી.

આ તાલીમમાં સુખપ્રિત શેખોન (રીર્સોસપર્સન), અભય બારડ, ચિરાગ વ્યાસ, કાનન સીલવેરા, વસંતભાઈ વિગેરેએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યુ હતુ.

ખરેખર આજના જમાનામાં શિક્ષણની શું સ્થિતિ છે તે તપાસવા માટે દર વર્ષે આ અસર સર્વે કરવામાં આવે છે.

આપણા ગામડાઓમાં શિક્ષણ વિશે કેટલી જાગૃતતા બાળકોના માતા–પિતાઓમાં આવી છે તે આ સર્વે દરમ્યાન તપાસી શકાય છે.

સર્વે દરમ્યાન શાળા નિરીક્ષણ પરથી એ જાણી શકાય છે કે જે બાળકોના શિક્ષણ માટે આર્થિક કે સાધન સહાય મળે છે તેનો ઉપયોગ થઈ રહયો છે કે નહીં.

આ સર્વેથી કોઈ નવી યોજના શિક્ષણ માટે કરવી હોય તો સર્વેના આંકડાઓ ઉપયોગી થઈ શકે છે. અસર સર્વેના હેતુઓ જોઈએ તો શિક્ષણનું સ્તર તપાસવું, શિક્ષણ પ્રત્યે ગામડાઓની સ્થિતિ જાણવી, શિક્ષણ વિશેના માતા–પિતાના મંતવ્યો મેળવવા વગેરે રહયા હતા.

આ તાલીમ તાલીમકારો માટેની તાલીમ હતી જેમાંથી એ શીખવા મળ્થું કે, ફીલ્ડમાં અસરકારક સર્વે કરાવવા માટે વોલીન્ટીયર્સની પસંદગી, માહિતી મેળવવાની પધ્ધતિઓ અંગે કલાસરૂમ સેશન તથા ફીલ્ડ ટ્રાયલ કરાવવા જરૂરી તાલીમ આપવાની કુશળતા બની. સારી રીતે તાલીમ કરવા અંગે આત્મવિશ્વાસ બન્યો.

આ તાલીમમાં અલગ અલગ જિલ્લાના કુલ ૬૦ તાલીમાર્થીઓ હાજર રહયા હતા. આ સંસ્થાના બે કાર્યકર્તાઓ ખ્યાતિબેન ધ્રુવ તથા પ્રતિભાબેન મારૂએ ભાગ લીધો હતો.

અમરેલી જીલ્લાના અસર સર્વે માટે આગામી તા.૬, ૭ અને ૮ દરમ્યાન વોલીન્ટીયર્સની તાલીમ, ફીલ્ડ ટ્રાયલ તથા સર્વેનુ આયોજન કરાયેલ છે.

---

## પ્રિય વાચક મિત્રો,

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**– ટપક ટીમ**

***જે પોતાની જાત ઉપર હસી શકે છે તેને કોઈ રડાવી શકતું નથી.***

## ધરમપુર પ્રોજેકટ સમીક્ષા બેઠક

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વાનિકી વિકાસ પરિયોજના ફેઝ –૨ પ્રોજેકટનો સમયગાળો તા. ૩૧ જુલાઈ ૨૦૧૨ ના રોજ પુરો થતો હોઈ, છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા આ કાર્યની ચર્ચા સમીક્ષા માટે તેમજ આ પ્રોજેકટમાં કામ કરતી સંસ્થાની ટીમને સ્મૃતિ ચિન્હ્ તેમજ વિદાય આપવા માટે એક કાર્યક્રમ બરૂમાળ મુકામે યોજાયો હતો.

આ કાર્યક્રમનો પ્રારંભ શ્રી ભરતભાઈ વાળાએ સંસ્થા પરિચય આપીને કર્યો હતો. શ્રી રાજેશભાઈ જોષીએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી બી. જે. પંડયા (આર.એફ.ઓ ધરમપુર), શ્રીમતી દિપાબેન પંડયા, શ્રી ગણેશ સહભાગી વન વ્યવસ્થા મંડળી, બરૂમાળના પ્રમુખ શ્રી માંદિયાભાઈ, શ્રી આદિવાસી સહભાગી વન વ્યવસ્થા મંડળી સિદુમ્બરના પ્રમુખ શ્રી દિનેશભાઈ પટેલ તેમજ ટ્રસ્ટી શ્રી ધીરૂભાઈ વાગડીયા તેમજ સંસ્થાના કાર્યકર્તા, તાલીમ કાર્યક્રમના ઈન્સ્ટ્રકટરશ્રીઓ તેમજ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

શ્રી માંદીયાભાઈ તેમજ દિનેશભાઈએ તેઓએ પોતાના ગ્રામ્ય સંગઠનો દ્વારા લોકોને સાથે રાખી કરેલ વન સરંક્ષણની સાથે લોકોની આજીવિકાને સાંકળી કરેલ કામની વિગતો આપી હતી. લોકો તથા વનવિભાગ સાથે કામ કરવાના અનુભવો વર્ણવ્યા તેમજ સ્થાનિક સંગઠનોના વહિવટી અને દફતરી કાર્યમાં પડતી મુશ્કેલીઓમાં મેળવેલ કુશળતાની પણ વાત કરી હતી.

માનનીય પંડયા સાહેબએ પોતાની વિનમ્ર અને મૃદુ ભાષાશૈલીથી વનવિભાગની કઠીન કામગીરીને સરળ બનાવી તેના ઉકેલ શોધવાની તથા લોકો સાથે રહી વનવિભાગની યોજના લાગુ કરવા અને વન વિભાગના કાયદાઓનું લોકો પાલન કરે તે માટે સ્થાનિક સંગઠનો / લોકોનો સહયોગ જરૂરી છે તેમના કાર્યકાળના અનુભવો વર્ણવી છેલ્લા એકાદ વર્ષથી આ સંસ્થાની ટીમ સાથે કામ કરવાના આનંદની વાત કરી હતી. ઉપરાંત તેઓએ સંસ્થાઓ મિડલ મેન સાથે ખૂબ જ સારો વ્યવહાર કરીને તેને કામગીરીમાં સાંકળીને કાર્ય પુરૂ કરી શકે છે તેમ જણાવી ટીમના સભ્યોને તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

સંસ્થાના ટ્રસ્ટીગણ તથા સ્ટાફવતી શ્રી ધીરૂભાઈ વાગડીયાએ વનવિભાગ, કાર્યવિસ્તારના લોકો તથા આર ઓ ટીમના સભ્યોના સંકલન બાબતે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. અંતમાં શ્રી ધીરૂભાઈ ચૌધરીએ આભારવિધિ કરીને કાર્યક્રમનું સમાપન કર્યુ હતું. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેશભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

***શાંત સ્વભાવ હંમેશા સાચું અને સત્ય વિચારે છે.***

## ભવ્ય ભુતકાળ કે ભવ્ય વર્તમાન?

ભાવનગર યુનિવર્સિટીમાં મને ગાંધીજી કેમ ગમે છે ? તે વિશે વિદ્યાર્થીઓની વકતૃત્વસ્પર્ધા હતી. એક વિદ્યાર્થી ગાંધીજી વિશે વાંચીને આવ્યો હતો ગાંધીજીના જીવનની કેટલીક અજાણી ઘટનાઓ તેના મોઢે સાંભળવા મળી. રજુઆત પણ સારી હતી પણ તેની શ્રોતાઓમાં ખાસ નોધ ન લેવાઈ. પરતું તાળીઓ ત્યારે પડી જયારે અમુક વકતાઓએ પંકિતઓ દ્વારા આપણા દસ હજાર વર્ષના વારસાની વાત કરી અને આજના રાજકારણીઓની ટીકા કરી. આપણે દશ હજાર વર્ષનો વારસો અને રાજકારણીઓની ટીકા એ બહુ જ લોકપ્રિય વિષયો છે. પણ મને તો એવું લાગે છે કે આપણી આજની પરિસ્થિતી  વિશેનો અસંતોષ તેમાં વ્યકત થાય છે. આજની પરિસ્થિતી વિશે રાજકારણીઓને જવાબદાર ગણીએ એટલે આપણે જવાબદારીમાંથી છુટા દશહજાર વર્ષનો વારસો આપણને સાંત્વના આપે છે કે આજે ભલે અમુક દેશો આપણા કરતા આગળ હોય પણ એક જમાનામાં તો આપણે વિશ્વમાં નંબર વન હતા. આપણે કંઈ ન કરી શકીએ ? બધુ જ રાજકારણીઓએ કરવાનું હશે આપણા ભાગે શું આવશે ? દરેક માણસ એવું વિચારશે કે બીજો જ કરશે તો કોઈ નહી કરે દશ હજાર વર્ષના વારસાના નશામાં રહીશું તે નહી ચાલે શાહમૃગની જેમ આજની પરિસ્થિતીથી મોઢું સંતાડવાથી ચાલવાનું નથી. આપણે વિચારવુ પડશે કે બીજા ગમે તે કરે, આપણે શું કરી શકીએ તેમ છીએ આપણાથી થાય તે કરવાની પ્રતિજ્ઞા લઈએ અને પાળીએ તો ભુતકાળના કેફમાં રાચવાની અને કોઈની ટીંકા કરવાની આવશ્યકતા રહેશે નહી. જાતે તેની જવાબદારી લેવી પડશે આપણે તેમાં શું કરી શકીએ તે વિચારવુ પડશે, કરવું પડશે ભવ્ય ભુતકાળ તો કોઈકે સજર્યો હતો તેઓએ આપણી જેમ તાળી પાડી નિષ્ક્રિય રહેવાનું મુનાસીબ માન્યું હોત તો આજે આપણી પાસે છે તે ભવ્ય વારસો હોત ? હવે વળી નવું શરૂ થયું છે. ૨૦૨૦માં ભારત વિશ્વની મહાસતા બનશે આપણે આ કંઈ પહેલી વાર સાભળતા નથી છેલ્લા પચાસ વરસથી જયોતિષનો હવાલો આપી આ સપના જોઈ રહયા છીએ પણ આપણા મહામહિમ રાષ્ટ્રપતિશ્રી અબ્દુલકલામએ પહેલી વાર આ સપનાને જયોતિષના દાયરામાંથી બહાર કાઢી વિજ્ઞાનના ક્ષેત્રમાં મુકયું છે અને હવે છે આપણી પાસે નકશો આ સપનું સાકાર કરવાનો પણ પેલી આપણી વાળી વાત તો ઉભી ને ઉભી જ છે. આ જયોતિષ નથી કે ચમત્કાર થયો અને એક વિકસતો દેશ દુનિયા આર્થિક મહાસતા બની ગયો. તેના માટે કરવી પડશે કડી મહેનત કોણ ચાલશે આ નકશા ને પગલે? કોણ કરશે પરિશ્રમ? કોણ સીચશે એમાં દેશ પ્રેમનાં નીર ? આપણે સ્તો.

***(સાભાર : ચાલો વિકસીએ ચાલો વિકસવા દઈએ)***

**શાંતિ આપનો સ્વધર્મ છે, ક્રોધ કરવો એ શરીરનો ધર્મ છે.**

## ખરૂદાન

ખરૂદાન માનવતાવાદી છે. માનવતાવાદી એટલે માનવોના પ્રશ્નો ઉકેલાય તેવા દાનો. દેશ ગરીબ છે અને કેટલાક માનવો ભુખે મરી રહયા છે. તેમનું પેટ ઠારે તે સાચું અને મહાદાન છે. કેટલાં બધા રોગી માણસો કણસી રહયા છે. તેમને રોગથી છુટકારો અપાવવા હોસ્પિટલો દવાખાના શરૂ કરાવે તે માનવતાલક્ષી દાન તેનાથી રોગીઓના પ્રશ્નો ઉકેલાય છે. કેટલાક બાળકો ભણી નથી શકતા. તેમના માટે શાળા મહાશાળ ાઓ ખોલી આપે તે મહાદાન છે. પણ તેને કમાવાની દુકાન બનાવે તે દાન નથી વ્યવસાય છે. આવી જ રીતે વસ્ત્રો, શિષ્યવૃતિઓ, ઘરો બાંધી આપવાં, રસ્તા સંડાસ વગેરે બાંધી આપવા તે પણ માનવતાલક્ષી દાન છે. તેનાથી પ્રશ્નો ઉકેલાય છે. ભારત દેશમાં સંડાસની પુરતી વ્યવસ્થા ન હોવાથી લોકો કુદરતી હાજત માટે જયાં ને ત્યાં બેસી જાય છે. તેમાં સ્ત્રીઓની માર્યાદા નથી રહેતી એટલે અત્યારે તો ગામે ગામ ઘરેઘર સંડાસ બંધાવી આપવાં તે સૌથી મોટુ માનવતાલક્ષી દાન કહેવાય. મંદિરો બાધવામાં પૈસા ન નાખીએ અને સંડાસ બાધવામાં વાપરીએ તો ગંધાતી વસાહતો સ્વચ્છ થઈ જશે. ધર્મગરૂઓ, સમાજનેતાઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓએ પ્રજાનું આવું ઘડતર કરવું જરૂરી છે.

**– મનસુખ બી. વેકરીયા**

## ખેડુત તાલીમ

તા.૨૨/૮/૦૧૨ (છાત્રોડા), તા.૨૪/૮/૦૧૨ (વાવડી), તા.૨૫/૮/૦૧૨ (રતનેશ્વર મહાદેવ રોહિસા) મુકામે ચાલુ ખરીફ સીઝનમાં વરસાદ ખેંચાતા અછત જેવી પરીસ્થિતિમાં ઉગેલા પાકને જો પિયતની થોડી સગવડ હોય તો કેવી રીતે ઓછાં પાણીએ પાક બચાવવો તેની સમજણ આપવા માટે રોગ–જીવાંત તેમજ પાક માવજત માટે તાલીમો યોજાઈ ગઈ જેમાં તાલીમકાર તરીકે એગ્રીકલ્ચર ઓફિસર શ્રી પ્રશાંત પંડયા, કન્સલ્ટંટ શ્રી વિપુલ શેલડીયા તથા કૃષિ વૈજ્ઞાનિક શ્રી રમેશ રાઠોડે માર્ગદર્શન આપ્યુ હતું.

આ જમીન ખારી છે જે રેડમાં પાણી આપવાથી વધારે ખારી થાય છે અને ફળદ્રુપતા ઘટે છે. આ ઉપરાંત આજની આવી પરિસ્થિતિમાં આપણી પિયત પધ્ધતિ બદલવી જરૂરી છે. જે માટે માઈક્રોઈરીગેશન સીસ્ટમના ઉપયોગ અંગે માહિતી આપવામાં આવી હતી પાકને ફકત ભેજની જરૂર હોય છે અને આં ભેજ મુળ સુધી પહોંચે તો પાક બચી જાય છે.

આ ઉપરાંત આપણાં વાવેલા પાકની એગ્રોનોમી સમજવી, બચી ગયેલી મોલાતમાં માવજતના પગલાઓ તથા હાલ જેટલુ પાણી ઉપલબ્ધ છે તે મુજબનો ઉપયોગ વિગેરે બાબતો પર માહિતી માર્ગદર્શનની આપલે થઈ હતી.

**સૌથી વધુ તાપમાન ક્રોધનું છે.**

## ઓકસફામ પાર્ટનર મીટીંગ

સ્થળ : જનવિકાસ તાલીમ સેન્ટર અમદાવાદ
તારીખ : ૧૩/૧૪ ઓગસ્ટ–૨૦૧૨

મીટીંગની શરૂઆત સ્વાગત, પરીચય, સંસ્થા પરીચયથી થઈ. બે દિવસમાં ચર્ચા કરવાના મુદાઓ અમીતાજી દ્વારા વાંચી સંભળાવવામાં આવ્યાં. દરેક સંસ્થા દ્વારા છેલ્લા છ માસમાં થયેલી કામગીરીની ચર્ચા થઈ, તેમાં આયોજન મુજબ થયેલી કામગીરી, મળેલી સફળતા, નિષ્ફળતા મુશ્કેલીઓ અંગે ચર્ચા થઈ મોટાભાગની ચર્ચાઓ પોલીસ સેલ, ન્યાય સમિતી, લોક અધિકાર કેન્દ્ર, ક્રાયસીસ સપોર્ટ સેન્ટર પર કરવામાં આવી જેમાં નીચેના મુદ્દાઓ હતા.

૧. પોલીસ દ્વારા પરમીશન મળી છે કે નહી.
૨. રૂમ, ટેબલ, ફોન, વાહન વગેરે જેવા ઈન્ફ્રાસ્ટ્રકચર પુરા પડાયેલ છે કે નહી.
૩. પોલીસ સપોર્ટ કરે છે.
૪. પોલીસની તાલીમ થઈ છે.
૫. ક્રાઈમ કોન્ફરન્સમાં હાજરી આપો છો
૬. કાઉન્સેલરની કેપેસીટી

ઉપરની બાબતોની ચર્ચામાં શરૂઆતમાં દરેક સેલમાં મુશ્કેલીઓ હતી, બેસવા માટે મૌખિક પરમીશન મળી છે લેખીતમાં મળી નથી. આ ઉપરાંત પોલીસ તાલીમ દ્વારા હવે ઓળખ બનતી જાય છે. અવાજનું રાપરનું કેન્દ્ર ખૂબ સારૂ ચાલતું હોય માટે દરેક સેલના કાઉન્સેલરોએ રાપર પ્રેરણા પ્રવાસનું આયોજન કરવું. જેમાં રૂટ તથા બજેટની જવાબદારી SKVAW એ સ્વીકારી, આ ઉપરાંત અમરેલી સપોર્ટ સેલના કાઉન્સેલરોએ ૧૫ દિવસ રાપર સેલમાં અનુભવ લેવા જવું તેવું નકકી થયું.

આ ઉપરાંત ટીસ દ્વારા ગુજરાતના સેલની કામગીરી અને પરવાનગી મળે તે માટે DIG કક્ષાએ વાટાઘાટો ચલાવેલ તો ગુજરાત સ્તરેથી જયાં સેલ ચાલે છે ત્યાંના SP પાસેથી વિગતો મંગાવી હતી. આ અંગે ઓકસફામ દ્વારા ટીસ સાથે બેઠક થઈ નથી બેઠક પછી આગળની રણનીતી નકકી થશે. આ ઉપરાંત સ્ટેટ લેવલ એડવોકેસી માટે સેલ્ટર હોમનું CSJ દ્વારા સ્ટડી થયો છે. પરંતુ તેનો રીપોર્ટ મળ્યાં બાદ આગળ કાર્ય થઈ શકે. આ ઉપરાંત ૪૯૮ પર અવાજ દ્વારા કાર્ય થયું છે. તેને આગળ આયોજનમાં લઈ શકાય તે ઉપરાંત PWDVA માં જેન્ડર રીસોર્સ સેન્ટર સાથે રહી રાજયસ્તરે એડવોકેસી કરવી.

૧૬ દિવસના કેમ્પેઈન માટે નવેમ્બર ડીસેમ્બર માં ચુંટણી હોવાથી આ કેમ્પેઈન જાન્યુઆરીમાં ગોઠવવું તથા દરેક પાર્ટનર તેમનું પ્લાનીંગ મોકલે તેવું નકકી થયું. કેસ સ્ટડીજ મોકલવા જણાવ્યું અને તેનું ફોરમેટ સમજાવ્યું.

**– અશોક શેલાર**

**પાપ કદી પાપી ને ઉંઘવા દેતું નથી.**

## સમયની સમજણ

જીવનમાં જેમ બોલેલા બોલ પાછા વાળી શકાતા નથી તેવી જ રીતે હાથમાંથી સરકી ગયેલો સમય પણ પાછો વાળી નથી શકાતો. "હે અર્જુન, તારૂં કર્મ તું સમયસર કરતો રહે, પણ ફળની આશા રાખીશ નહી. કારણ કે કર્મ કરવામાં જ તારો અધિકાર છે નહી કે ફળની પ્રાપ્તિમાં" આ વાત ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે યુધ્ધભુમિમાં અર્જુનને ખુબ જ સારી રીતે સમજાવી હતી. ત્યારે જ તો અર્જુને શસ્ત્ર ઉપાડયું હતું અને અન્યાય સામે લડયો હતો. સમય મનુષ્યને ખુબજ ઉપયોગી છે. જેવી રીતે નિશ્ચિત સમયે સુર્ય ઉગે છે. નિશ્ચિત સમયે આથમી જાય છે. તેવી રીતે મનુષ્યે પણ પોતાનું નિર્ધારિત લક્ષ્ય નકકી કરવું જોઈએ. અને નિર્ધારીત સમયમાં જ પુર્ણ કરવું જોઈએ. માત્ર લક્ષ્ય નકકી કરવાથી પુર્ણ નથી થતું પણ તેના માટે સમયનો સદઉપયોગ, સખ્ત પરિશ્રમ અને આત્મવિશ્વાસ ની જરૂર હોય છે. તમારી પાસે સમયની સાથે રહેવું મનુષ્યનું કર્તવ્ય બને છે. ધર્મગ્રંથોમાં પણ સમય વિશે ઘણી વિગતો જોવા મળે છે. સંતો, મહંતો સમય ને પામી મોક્ષ તરફ ગતિ કરે છે. તેથી જ સમયનો સદ્ઉપયોગ કરવો જોઈએ. અગ્રેજીમાં કહેવાયું છે. કે Time is Money ડગલે ને પગલે સમયનો સદઉપયોગ કરનાર સુખી થાય છે. જે સમય ગુમાવે છે. તે બધું જ ગુમાવે છે.

"If you lost wealth, you lost nothing, if you lost health, you lost something, But if you lost time, you lost everything" સંપતિ તો આજ છે. અને કાલે નથી આથી સંપતિનુ મુલ્ય વધારે નથી એનો મોહ વધારે ન રાખવો અને તે ગુમાવતા તેનો વસવસો પણ ન કરવો આપણી સાચી સંપતિ તો સમય છે. બીજુ કે તંદુરસ્તી હોવી એ ખુબજ જરૂરી છે. એથી જો તંદુરસ્તી ગુમાવશો તો કંઈક ગુમાવશો પરતું જો તમારા હાથમાંથી સમયની દોર સરકી ગયો તો માનવાનું કે તમે તમારૂં સર્વસ્વ ગુમાવી દીધું. તેથી સમયની દોર પાછી તમારા હાથમાં નહી આવે અને આવશે તો એ હશે પસ્તાવો એ સિવાય બીજું કશું નહી માટે સમયને કાબુમાં રાખવા માટે અગાઉથી સારું આયોજન કરો એ તમને અને તમારી પેઢી ને તારી દેશે તેથી જ તો કહેવાયું છે કે "કલ કરે સો આજ કર, આજ કરે સો અબ" સમયની સાવધાની રાખવાથી જ બચાવી શકાય છે. આપણને સારી તક મળે પણ તે અવસર આળસને કારણે ખોઈ નાખ્યો હશે તો એ સમય પાછો કયારેય નહી મળે. આજનું કાર્ય આજે જ કરવું જોઈએ તે કાલ પર મુલતવી ન રાખવું જોઈએ. આ વિશ્વમાં એવી કોઈ વ્યકિત નથી જેને એકવાર તક ન મળે પરંતુ વ્યકિત તેનું સ્વાગત કરવા તૈયાર હોતો નથી, અવસર પાછો ચાલ્યો જાય છે.

*(સાભાર : ઉન્મેષ અંક–૩)*

***હસમુખી વ્યકિત પોતાની કોશીશમાં કયારેય નાકામયાબ જતી નથી.***

**Engage on this month**

- Acrediatition process of SSKK by credibility allience at 7th Aug 12 Mumbai.
- Skvaw Review Meeting on 13, 14th Aug 12 (Ahemdabad).
- Regional Meet sajjatasangh on 14th Aug 12 (Jamnagar).
- Field Visit on 15, 16 Aug 12 (Jafrabad, Sutrapada, Veraval).
- Farmer Training on 22nd Aug 12 (Chhatroda).
- Farmer Training on 24th Aug 12 (Vavdi).
- Farmer Training on 25th Aug 12 (Dharabandar) Rohisa.
- ASER Training on 22 to 26th Aug 12 (Ahemdabad).
- Attend AGM of Sajjata Sangh at 24th Aug 12
- Ground water management training on 27th Aug to 1st Sep 12 (Bhuj)
- Presentation in DRDA Amreli on 30th Aug 12 for training planning.
- FRHS Review Meeting on 31st Aug 12 (Ahemdabad).
- Ongoing skill development training - Dabhor (Beauty parler)Tal. Veraval

There is a mighty lot of difference between saying prayers and praying.
-- *John G. Lake*

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**તમારી કોઈ નિંદા કરે તો સહન કરજો. તમારા પાપ નીંદુકને લાગશે ને તેનાં પુણ્ય તમને મળશે.**